# કચ્છનું નવું પીછું : કાળીયા ધ્રોના પથ્થરો

અમિતાભ બચ્ચનજીના અવાજમાં આપણે સાંભળ્યું છે કે, આપને કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા, કુછ દિન તો ગુજારો ગુજરાત મેં. ગુજરાત ટુરીઝમની આ જાહેરાતમાં ભારોભાર સચ્ચાઈ છે. કચ્છમાં જોવાલાયક, માણવાલાયક અને ગૌરવ અપાવે એવાં ઘણાં સ્થળો છે. જેમકે, ધોળાવીરા, સફેદ રણ, કાળો ડુંગર, ભુજ, અંજાર, નારાયણ સરોવર, માતાનો મઢ, માંડવી, મુદ્રા અને કંડલા બંદર, સિયોટની ગુફા વગેરે. કચ્છમાં આપણને બધા જ પ્રકારની વિવિધતા માણવા મળે છે. જેમકે, રણ, દરિયો, ડુંગર, મંદિરો, ઐતિહાસિક સ્થળો, ગૃહ ઉદ્યોગો, ઠંડી, ગરમી વગેરે. માટે જ આપણે સૌ કહી શકીએ કે,' કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા'. હવે તેમાં વધુ એક સ્થળ ઉમેરાયું છે, કાળીયા ધ્રો ગામ પાસે નદી વચ્ચે આવેલા પથ્થરો.

ઘણાં સમયથી ઈચ્છા હતી કે, સફેદ રણને નિહાળવા અને માણવા જવું. જે ઈચ્છા ગયા અઠવાડિયામાં પૂરી થઇ. રણ વચ્ચે પણ ગુજરાત સરકારે એવું વાતાવરણ ઊભું કર્યું છે કે, આપણને એમ લાગે કે આપણે વિદેશના કોઈ શહેરમાં ફરી રહ્યાં છીએ. પ્રવાસીઓને આનદ અને સગવડ મળે તે માટે કોઈ જ કચાશ રાખવામાં આવી નથી. સફેદ રણની મજા માણીને સવારના સમયે અમદાવાદ તરફ પ્રયાણ કરવાનું વિચાર્યું, ત્યાં જ મહેસાણા કલેકટર એચ.કે.પટેલનો કોઈ કામથી ફોન આવ્યો. વાતચીત થઇ. વાતચીતમાં મેં જણાવ્યું કે હું કચ્છમાં છું, ત્યાં જ તેમણે સૂચન કર્યું કે, બીજું બધું જુઓ કે ના જુઓ પણ હમણાં જ એક નવું સ્થળ બહાર આવ્યું છે 'કાળીયા ધ્રો' તેની મુલાકાત લેવાનું ના ચૂકતા. મેં નથી જોયું પણ તમે ખાસ જોવા જજો.

અમદાવાદ આવવાના બદલે' કાળીયા ધ્રો' જવાનું નક્કી કર્યું. 'કાળીયા ધ્રો' વિષે પૂછપરછ કરી, તો મોટાભાગના લોકોને આવી કોઈ જગ્યા છે તેની ખબર જ નહોતી. ઈન્ટરનેટ પર સર્ચ કર્યું તો કેટલાક ફોટા જોવા મળ્યા. જે જોયા પછી ત્યાં જવા માટેનો નિર્ણય વધુ પાક્કો થયો. ત્યાં જવા માટે રસ્તો બતાવનાર કોઈ નહિ. કારણ કે, હજુ આ જગ્યા વિષે સ્થાનિક લોકોને પણ વધુ ખબર નથી. અંતે પોલીસમાં પૂછ્યું. મોટાભાગની પોલીસ પણ આ જગ્યાથી અજાણ હતી. પણ ભૂજમાં ફરજ બજાવતા ડી.વાય.એસ.પી. જે.એન.પંચાલ આ સ્થળ વિષે જાણતા હતા. તેમણે મદદ કરી અને તે સ્થળ સુધી પહોંચવા માટે માત્ર સલાહ જ નહિ, સગવડતા પણ કરી આપી. સાથે એમણે કહ્યું કે, આ સ્થળ હમણાં જ બહાર આવ્યું છે, મેં પણ મુલાકાત નથી લીધી. પણ આ જગ્યાના ફોટા ન્યુયોર્ક ટાઈમ્સમાં છપાયા છે. આ સાંભળીને ન્યુયોર્ક ટાઈમ્સ ઈન્ટરનેટ પર વાંચ્યું. તો જાણવા મળ્યું કે, હમણાં થોડા સમય પહેલા જ વરુણ સચદેવ નામનો ભૂજનો યુવાન તેના પિતા અને કાકા સાથે મોટર સાયકલ પર આ જગ્યા પર ગયો હતો. તેણે પાડેલ ફોટા ન્યુયોર્ક ટાઈમ્સે છાપ્યા છે. આપણે ગૌરવ લઇ શકીએ તેવી વાત એ છે કે, કોરોના પછી ૨૦૨૧માં મનને પ્રફુલ્લિત કરી શકે તેવા આખી દુનિયામાંથી બાવ્વન, હા એકાવનમાં એક ઉમેરો એટલા સ્થળ ન્યુયોર્ક ટાઈમ્સે નક્કી કર્યા છે. જેમાં ત્રીજા નંબરે આ સ્થળ કચ્છના કાળીયા ધ્રો પાસે નદી વચ્ચે આવેલા પથ્થરો છે.

આ સ્થળ વિષે હમણાં જ જાણવા મળ્યું છે, જેથી તેનું કોઈ ચોક્કસ નામ નથી. બસ નજીકમાં આવેલ ગામ કાળીયા ધ્રોને આધારે અત્યારે ઓળખાય છે. એ જ રીતે જે નદીમાં આ પથ્થરો આવેલા છે એ નદીનું નામ પૂછવાનો પ્રયત્ન કર્યો તો ગાઈડ તરીકે મારી સાથે આવેલ યુવાન કે ત્યાં નજીકમાં જ કૂવા સાથેની વાડી ધરાવતા ભાઈને પૂછ્યું તો બન્નેમાંથી કોઈને નદીના નામની ખબર નહતી. અંતે તેનો જવાબ શોધવાનું પણ પોલીસને સોંપ્યું. તો કાનાભાઈ રબારી નામના કોન્સ્ટેબલ શોધીને લાવ્યા કે નદીનું નામ ત્રીમો છે. કચ્છી ભાષાનો આ શબ્દ છે. જેનો અર્થ થાય છે ત્રણ મોઢા. અહી થોડા ઉપરવાસમાં ત્રણ નદીઓ મળે છે. આ ત્રીમો

નદીમાં રચાયેલ પથ્થરો આપણને અમેરિકાના ગ્રાન્ડ કેન્યોન અને ઓસ્ટ્રેલિયામાં મેલબર્નથી ગ્રેટ ઓસન રોડના અંતે સમુદ્રમાં આવેલ પથ્થરોની યાદ અપાવે છે. વિદેશના આ બંને સ્થળો પ્રવાસીઓ માટે મોટું આકર્ષણનું કેન્દ્ર બનેલા છે. તે જ રીતે આપણું આ કાળીયા ધ્રો પણ ભવિષ્યમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે જ. અહી આપણને  રાતો, પીળો, કાળો,સફેદ, ગુલાબી રંગના પથ્થરો જોવા મળે છે. નદીમાં પથરાયેલ પથ્થરો ક્યાંક નદીના પટથી ખૂબ જ ઊંચા તો ક્યાંક નદીના પટથી ખૂબ જ નીચા જોવા મળે છે. જેથી ખીણ અને નાના પહાડનો અનુભવ થાય છે. એક જ પથ્થરમાં આપણને વિવિધ રંગ ધરાવતા પથ્થરોના સ્તર એવી રીતે જોવા મળે છે કે જાણે કોઈ ચિત્રકારે પથ્થર પર પીંછી વડે રંગ કર્યો હશે. સાથે પથ્થરોમાં આવેલ સ્તરની ડીઝાઇન કે કોતરણી પણ કોઈ શિલ્પકારે કરી હશે તેમ લાગે.. તો નદીના પાણીના પ્રવાહને કારણે ઘસાયેલા પથ્થરો અને તેના કારણે વર્તુળાકારે પડેલ નાના મોટા ખાડા પણ મંત્ર મુગ્ધ કરી દે છે. પથ્થરોના એક બીજા સાથેના જોડાણ પણ નવી ભાત અને આકાર ઊભા કરે છે.  એમાં પણ નદીમાં પાણી વહેતું હોય ત્યારે પથ્થરો વચ્ચેથી પસાર થતાં ઝરણા અને પથ્થરો પરથી પડતા ધોધના દૃશ્યો અને અવાજ આપણને ત્યાંથી હટવા જ ન દે. આ સ્થળની આબેહુબતાનું અહી વર્ણન કરવું અઘરૂં છે. પણ એટલું ચોક્કસ કે, આ જગ્યા ભવિષ્યમાં ગુજરાત અને કચ્છને ગૌરવ અપાવશે જ.  આટલી સારી જગ્યા હજુ સુધી સરકારના ટુરીઝમ કે પુરાતત્વ વિભાગના ધ્યાને કેમ ના આવી? પ્રવાસી ઉપરાંત પ્રકૃતિપ્રેમી, ફોટોગ્રફીના શોખીન, ટ્રેકિંગ કરનાર, રખડવાના શોખીનને આ સ્થળ ખૂબ મજા કરાવશે.

હવે, આટલી સુંદર જગ્યા જયારે જાણવા મળી છે ત્યારે ગુજરાત સરકારના પ્રવાસન અને પુરાતત્વ બંને વિભાગે તાત્કાલિક કેટલાક કામ કરવા જેવા છે. ત્યાં જવા માટે રસ્તો નથી, તો રસ્તો રાતોરાત સરકાર નહિ બનાવી શકે, પણ તાત્કાલિક કરી શકાય તેવા કામની વાત કરીએ તો, અત્યારે જે પણ રસ્તો છે તેમાં સ્થાનિક લોકો પણ ભૂલા પડે છે ત્યારે રસ્તા પર વિવિધ જગ્યાએ સાઈન બોર્ડ મૂકવા જોઈએ. સ્થળ પર પથ્થરોને જોવા માટેના ઘણાં પોઈન્ટ છે, જેથી કયો પોઈન્ટ ક્યાંથી જોવા જેવો છે તેના સાઈન બોર્ડ મૂકવા જોઈએ. જેથી જે જોવા જેવું છે તે રહી ના જાય અને  વધારાનું રખડીને થાકી ના જવાય. ઘણાં પોઈન્ટસ જોવા માટે એક પથ્થર પરથી બીજા પથ્થર પર જતી વખતે કે પથ્થર પર ઊભા રહીને જોતી વખતે કેટલાક પોઈન્ટસ ખૂબ જ જોખમી છે. જ્યાં તાત્કાલિક લોખંડની રેલીંગ કે અન્ય વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. જેથી જાનહાનિ ના થાય. જો આ નહિ કરવામાં આવે તો ત્યાં જાનહાનિ કે વાગવા કરવાની પૂરેપૂરી શક્યતા છે.

અહી જવા માટે ભૂજથી અથવા નખત્રાણાથી જઈ શકાય છે. નખત્રાણાથી ૪૦ કિમી દૂર આવેલ આ સ્થળે  કાર લઈને જવા માટે રસ્તો અનુકૂળ નથી. જીપ કે મોટર સાયકલ દ્વારા જઈ શકાય.. ડામરનો પાકો રસ્તો પૂરો થાય પછી દસેક કિમી જેટલો કાચો ખૂબ જ ખરાબ રસ્તો છે. અહી જવા માટે ભૂલા ના પડાય તે માટે સ્થાનિક કોઈ વ્યક્તિને સાથે રાખીવી જ જોઈએ. રસ્તામાં કોઈ વ્યક્તિ પણ નહિ મળે કે જેથી તમે તેને રસ્તો પૂછી શકો. ત્યાં મોબાઈલ રેન્જ બહાર જ બતાવશે. માટે જેને નખત્રાણાથી જવું હોય તેણે પાકો રસ્તો જ્યાં પૂરો થાય ત્યાં ભાડલી ગામમાં  પોતાની કાર મૂકીને સ્થાનિક વ્યક્તિને લઈને જીપ કે મોટર સાયકલ પર જ જવું. ત્યાં પહોંચ્યા પછી નદીમાં ઉતારવા અને જે પથ્થરો જોવાના છે તે જોવા માટે થોડા સાહસ સાથે સ્ફૂર્તિની જરૂર પડશે. જેથી વૃદ્ધ કે ચાલવામાં થોડી મુશ્કેલી અનુભવતા લોકોએ અત્યારે જવાનું ટાળવું જોઈએ.

**અશોકી** : વિદેશના ઘણાં સ્થળો આપણા સ્થળો કરતાં નબળાં હોવા છતાં તેમની બ્રાન્ડીંગ કરવાની આવડતને કારણે દુનિયામાં પ્રખ્યાત થયા છે. જયારે આપણે બ્રાન્ડીંગ કરવામાં ખૂબ જ આળસું છીએ. નહી તો 'ટાયટેનિક' ફિલ્મ બની એ પહેલાં 'હાજી કાસમ તારી વીજળી' ફિલ્મ બની હોત.